# રાજ્યના વીજ એકમો દ્વારા વીજળીનું ઉત્પાદન

## (૧) છેલ્લા ૧૫ વર્ષોમાં રાજ્ય સરકાર દ્વારા કેટલા નવા એકમોનીસ્થાપના કરવામાં આવેલ છે? તે પૈકી કુલ કેટલી વીજ ક્ષમતા કાર્યાન્વિત કરવામાં આવેલ છે?

માનનીય ધારાસભ્ય શ્રી કનુભાઈ પટેલ – સાણંદ

## જવાબ

છેલ્લા ૧૫ વર્ષોમાં રાજ્ય સરકાર હસ્તકની વીજ ઉત્પાદન કંપની ગુજરાત સ્ટેટ ઈલેક્ટ્રીસીટી કોર્પોરેશન લી. અને રાજ્ય સરકાર હસ્તકના આઈ.પી.પી દ્વારા કુલ ૧૦ નવા એકમો કાર્યરત કરવામાં આવેલ છે.

| ક્રમ | વીજ મથક / એકમ નું નામ | સેક્ટર | બળતણ | મેગા વોટ | પ્રોજેક્ટ કાર્યાન્વિત |
|---|---|---|---|---|---|
| ૧ | ઉતરાણ ગેસ આધારિત પ્રોજેક્ટ – એકસ્પાન્શન | GSECL | ગેસ | ૩૭૫ | નવે-૨૦૦૯ |
| ૨ | કચ્છ લિગ્નાઈટ થર્મલ પાવર સ્ટેશન યુનિટ ૪ | GSECL | લિગ્નાઇટ | ૭૫ | ડીસે-૨૦૦૯ |
| 3 | ગુજરાત ઇન્ડસ્ટ્રીઝ પાવર કંપની લી. – સુરત લિગ્નાઈટ પાવર પ્લાન્ટ યુનિટ ૪ | State IPP | લિગ્નાઇટ | ૨૫૦ | એપ્રિલ – ૨૦૧૦ |
| ૪ | ગુજરાત સ્ટેટ એનર્જી જનરેશન લી. હઝીરા એક્ષ્પાન્શન | State IPP | ગેસ | ૩૫૧ | માર્ચ - ૨૦૧૨ |
| ૫ | ઉકાઈ થર્મલ પાવર સ્ટેશન – એક્સટેન્શન | GSECL | કોલસો | ૫૦૦ | જુન – ૨૦13 |

| ક્રમ | વીજ મથક / એકમ નું નામ | સેક્ટર | બળતણ | મેગા વોટ | પ્રોજેક્ટ કાર્યાન્વિત |
|---|---|---|---|---|---|
| ૬ | જીપીપીસી પીપાવાવ | State IPP | ગેસ | ૭૦૨ | જુલાઈ – ૨૦૧૪ |
| ૭ | સિક્કા થર્મલ પાવર સ્ટેશન – એકસ્પાન્શન | GSECL | આયાતી કોલસો | ૫૦૦ | ડીસે-૨૦૧૫ |
| ૮ | ધુવારણ ગેસ આધારિત પ્રોજેક્ટ – એકસ્પાન્શન | GSECL | ગેસ | ૩૭૬ | ફેબ્રુઆરી – ૨૦૧૬ |
| ૯ | ભાવનગર લિગ્નાઇટ થર્મલ પાવર સ્ટેશન | GSECL | લિગ્નાઇટ | ૫૦૦ | માર્ચ - ૨૦૧૭ |
| ૧૦ | વણાકબોરી થર્મલ પાવર સ્ટેશન – એકસ્પાન્શન | GSECL | કોલસો | ૮૦૦ | ઓક્ટો – ૨૦૧૯ |
| | **કુલ ૧૦ નવીન એકમો** | | | ૪૪૨૯ મેગા વોટ | |

## (૨) તા.૩૧.૧૨.૨૦૨૩ની સ્થિતિએ રાજ્યની વીજ ઉત્પાદન ક્ષમતા કેટલી છે ? તેની સામે રાજ્યની હાલની મહતમ વીજ માંગ કેટલી છે?

માનનીય ધારાસભ્ય શ્રી અરવિંદભાઈ પટેલ – ધરમપુર

**જવાબ**

- તા.૩૧.૧૨.૨૦૨૩ની સ્થિતિએ રાજ્યની વીજ ઉત્પાદન ક્ષમતા ૪૫૧૮૨ મેગાવોટ છે  તેની સામે રાજ્યની હાલની મહતમ વીજ માંગ કેટલી છે, ૨૪૫૪૪ મેગા વોટ છે.
  (૨૪૫૪૪ મેગા વોટ ૦૧-સપ્ટેમ્બર-૨૦૨૩ના રોજ નોંધાયેલ છે.)

- રાજ્યની કુલ ૪૫૧૮૨ મેગાવોટ વીજ ઉત્પાદન ક્ષમતા  પૈકી પરંપરાગત વીજ ઉત્પાદન ક્ષમતા ૨૩૨૦૫ મેગાવોટ અને બિન પરંપરાગત વીજ ઉત્પાદન ક્ષમતા ૨૧૯૭૭ મેગાવોટ છે.

## (3) તા. ૩૧.૧૨.૨૦૨૩ની સ્થિતિએ બિનપરંપરાગત સ્ત્રોતના પ્રકાર મુજબ વીજ ઉત્પાદન ક્ષમતા કેટલી છે?

માનનીય ધારાસભ્ય શ્રી રાકેશભાઈ દેસાઇ - નવસારી

**જવાબ**

- તા.૩૧.૧૨.૨૦૨૩ની સ્થિતિએ...

બિનપરંપરાગત સ્ત્રોતની વીજ ઉત્પાદન ક્ષમતા **૨૧,૯૭૭** મેગાવોટ છે.

| બિનપરંપરાગત સ્ત્રોતના પ્રકાર મુજબ વીજ ઉત્પાદન ક્ષમતા<br>બિનપરંપરાગત સ્ત્રોત | કુલ ક્ષમતા |
|---|---|
| પવન ઉર્જા (wind) | ૧૧૨૨૪ મેગાવોટ |
| સૌર ઉર્જા (solar) | ૧૦૫૪૯ મેગાવોટ |
| બાયો પાવર અને વેસ્ટ ટુ એનર્જી | ૧૧૨ મેગાવોટ |
| મીની હાઈડ્રો | ૯૨ મેગાવોટ |
| **કુલ** | **૨૧,૯૭૭ મેગાવોટ** |